# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

SGCCI


---

રેફ નં. તા:૧૧/૦૬/૨૦૨૪

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ચેમ્બર ઓફ કોમર્સ ખાતે મિશન-૮૪ અંતર્ગત મુંબઈ સ્થિત રિપબ્લિક ઓફ ઈન્ડોનેશિયાના કોન્સુલ જનરલ સાથે ઈન્ટરેક્ટીવ સેશન યોજાયું

## ઈન્ડોનેશિયાને યાર્ન, ફેબ્રિક અને દવાઓના પુરવઠાની જરૂરિયાત, આ ક્ષેત્રે એક્ષ્પોર્ટ વધારવા અને ઈન્ડોનેશિયામાં પ્લાન્ટ સ્થાપી, રોકાણ કરી વિવિધ પ્રોડક્ટનું ઉત્પાદન કરવા સુરતના ઉદ્યોગ સાહસિકોને આમંત્રણ અપાયું

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા તા. ૦૮ જૂન ૨૦૨૪ના રોજ સાંજે ૪:૦૦ કલાકે, સંહતિ, સરસાણા, સુરત ખાતે મુંબઈ સ્થિત રિપબ્લિક ઓફ ઈન્ડોનેશિયાના કોન્સુલ જનરલ હિઝ એક્સલન્સ મિસ્ટર એદ્દી વાર્ડોયો, મિ.પેન્ગ્કી બી.પી. સપુત્રા (કોન્સુલ (ઈકોનોમિક્સ) કોન્સુલેટ જનરલ ઓફ રિપબ્લિક ઓફ ઈન્ડોનેશિયા, મુંબઈ), મિ.અલ્દરીન હેરવેની (એજ્યુકેશન એન્ડ કલ્ચર અટેચી એમ્બેસી ઓફ ધ રિપબ્લિક ઓફ ઈન્ડોનેશિયા, દિલ્હી), મિ. સિંગ્કાટ બેનહાર્ડ (ઓફિશિયલ કોન્સુલેટ જનરલ ઓફ

ધ રિપબ્લિક ઓફ ઈન્ડોનેશિયા, મુંબઈ) તેમજ મિ. મુતાકીન પ્રિયો હુતોમો (ઓફિસર (સોસિયો-કલ્ચરલ) કોન્સુલેટ જનરલ ઓફ ધ રિપબ્લિક ઓફ ઈન્ડોનેશિયા, મુંબઈ) સાથે ઈન્ટરેક્ટીવ સેશન યોજાયું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી રમેશ વઘાસિયાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. તેમણે SGCCI ગ્લોબલ કનેક્ટ મિશન-૮૪ની માહિતી આપતાં જણાવ્યું હતું કે, 'વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૨૭ સુધીમાં ભારતને ૫ ટ્રિલિયન યુ.એસ. ડોલરની ઇકોનોમી બનાવવાનો લક્ષ્યાંક રાખ્યો છે, આથી તેમણે ભારતના ઉદ્યોગકારોને ૧ ટ્રિલિયન યુ.એસ. ડોલરનું એક્ષ્પોર્ટ કરવા હાંકલ કરી છે. જેના અનુસંધાનમાં ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા SGCCI ગ્લોબલ કનેકટ મિશન ૮૪ વિઝન હાથ ધરાયું છે. જેના અંતર્ગત સુરત સહિત દક્ષિણ ગુજરાત, ગુજરાત અને ભારતમાંથી રૂપિયા ૮૪,૦૦૦ કરોડનું એક્ષ્પોર્ટ કરવાનો સંકલ્પ લેવાયો છે અને તે દિશામાં પ્રયાસ કરવામાં આવી રહ્યા છે'

ઈન્ડોનેશિયાના કોન્સુલ જનરલ હિઝ એક્સલન્સ મિસ્ટર એદ્દી વાર્ડોયોએ જણાવ્યું હતું કે, 'ઈન્ડોનેશિયા અને ભારતના દ્વિપક્ષીય વેપારમાં ઈન્ડોનેશિયા દ્વારા ભારતને વધુ ચીજ-વસ્તુઓનું એક્ષ્પોર્ટ કરવામાં આવે છે. જ્યારે ભારત દ્વારા એક્ષ્પોર્ટ થતી ચીજ-વસ્તુઓનું પ્રમાણ ઓછું છે, આથી વૃદ્ધિ કરવાની જરૂર છે. ભારત ઈન્ડોનેશિયા પાસેથી કોલ, પામ ઓઈલની આયાત કરે છે. ઈન્ડોનેશિયાને યાર્ન, ફેબ્રિક અને દવાઓના પુરવઠાની જરૂરિયાત છે. તેમણે આ ક્ષેત્રે એક્ષ્પોર્ટ વધારવા અને ઈન્ડોનેશિયામાં પ્લાન્ટ સ્થાપી, રોકાણ કરી વિવિધ પ્રોડક્ટનું ઉત્પાદન કરવા ઉદ્યોગ સાહસિકોને આમંત્રણ આપ્યું હતું.'

તેમણે વધુમાં ઈન્ડોનેશિયાના વિદ્યાર્થીઓ ભારતમાં શિક્ષણ મેળવી શકે તે માટે યુનિવર્સિટી ટુ યુનિવર્સિટી MoU કરવાની વાત કરી હતી. તેમણે દક્ષિણ ગુજરાતના ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધી મંડળને ઈન્ડોનેશિયા ખાતે યોજાનાર એક્ઝિબીશન ટ્રેડએક્સની મુલાકાત લેવા આમંત્રણ આપ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના ઉપ પ્રમુખ તેમજ પ્રેસિડેન્ટ ઈલેક્ટ શ્રી વિજયભાઈ મેવાવાલાએ આભાર વિધી કરી હતી. સેશનમાં મિશન-૮૪ની કોર કમિટીના સભ્યો શ્રી કોમલ કુમાર શાહ અને શ્રી જમનભાઈ રામોલીયા તથા ઉદ્યોગ સાહસિકો ઉપસ્થિત રહ્યા હતા. અંતે સેશનમાં ઉપસ્થિત ઉદ્યોગ સાહસિકોના પ્રશ્નોના સંતોષકારક જવાબ કોન્સુલ જનરલ એચ.ઈ. મિસ્ટર એદ્દી વાર્ડોયો દ્વારા આપવામાં આવ્યા હતા. ચેમ્બરના પૂર્વ પ્રમુખ શ્રી રોહિત મહેતાએ સેશનની માહિતી આપી હતી. તેમજ SGCCI ગ્લોબલ કનેક્ટ મિશન-૮૪ના સીઈઓ શ્રી પરેશભાઈ ભટ્ટે સેશનનું સંચાલન કર્યું હતું.